# બી.આર.સી. – ગોંડલ

વર્ષ – ૨૦૨૫-૨૬

# વેકેશન ગૃહકાર્ય

## ❁ પ્રેરક ❁

શ્રી એ. પી. વાણવી
નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
રાજકોટ

શ્રી દિક્ષીતભાઈ એચ. પટેલ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડી.
રાજકોટ

## ❁ માર્ગદર્શક ❁

શ્રી વિપુલ એન. પાંચાણી
બી.આર.સી. કો. ઓર્ડી.
ગોંડલ

શ્રી સતીષભાઈ તેરૈયા
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
ગોંડલ

## ❁ સંકલન ❁

| | | |
|---|---|---|
| શ્રી પ્રશાંત પી. ગોહેલ | બ્લોક MIS કો. ઓર્ડી. | બી.આર.સી. ગોંડલ |
| શ્રી મનીષાબેન એમ. ગજેરા | સી.આર.સી. કો. ઓર્ડી. | શાળા નં. – ૮, ગોંડલ |
| શ્રી હરેશભાઈ એસ. સરવૈયા | સી.આર.સી. કો. ઓર્ડી. | સુલતાનપુર કુમાર તાલુકા શાળા |
| શ્રી પરાક્રમસિંહ એસ. જાડેજા, | આચાર્ય, | રીબડા પ્રા. શાળા |
| શ્રી અલ્પેશભાઈ જી. વાછાણી, | આસી. શિક્ષક, | અનીડા(ભા.) તાલુકા શાળા |
| શ્રી ચંદ્રકાંતભાઈ નિમાવત, | આસી. શિક્ષક, | નાના મહિકા પ્રા. શાળા |
| શ્રી વિપુલભાઈ વાણિયા, | આસી. શિક્ષક, | દેવડા પ્રા. શાળા |

# ધોરણ - ૩ ગૃહકાર્ય

નમસ્કાર,

મહોદય સુજ્ઞ વાલીશ્રીઓ,

આપણે સૌ ઇચ્છીએ છીએ કે આપણા બાળકમાં સારા સંસ્કારોનું સિંચન થાય, સારુ જીવન જીવે અને સારુ શિક્ષણ મેળવે તે માટે તેનાં સર્વાંગી વિકાસ માટે તેને આપણે મદદરૂપ થાઇએ. આગામી વેકેશનમાં બાળકોને મોજમસ્તી, રમતગમત મિત્રો સાથે કરવા દો. દરરોજ એક બે કલાક વાંચન તથા શિક્ષણલક્ષી પ્રવૃતિઓ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ પણ ચાલતુ રહે.

→ વેકેશનમાં નિચેમુજબની પ્રવૃતિઓ બાળકોને કરાવવામાં મદદરૂપ થાઇએ અને તેને પ્રોત્સાહન આપીએ.

⇒ <u>અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.</u> ⇐

* માતા-પિતાને ઘરકામમાં મદદ કરવી.
* માતા પિતા પાસેથી જુની વાતો સાંભળવી.
* તમારા કુટુંબનાં સભ્યોનાં નામ અને તેની સાથે શું સંબંધ થાય છે તે લખો.
* મારી શાળા વિશે 10 વાક્યો લખવા.
* 200 જોડાક્ષર વાળા શબ્દો લખવા અને વાંચવા.
* ગુજરાતી અને અંગ્રેજી મહિનાનાં નામ બે વખત લખવા.
* ગુજરાતી અને અંગ્રેજીમાં વારનાં નામ બે વખત લખવાં.
* તમારો અને તમારા મિત્રનો પરિચય સાત વાક્યોમાં લખવો.
* દરરોજ સવારે માતા - પિતા અને વડીલોને વંદન કરવું અને કૂતરા કે ગાયને રોટલી નાખવી.
* પુઠામાંથી પક્ષીઓનો માળો બનાવવો અને પક્ષીઓને ચણ નાખવી.
* ૧ થી ૧૫નાઘડીયા બે વખત લખી પાકા કરવા.
* ઘરની કોઈ પણ ૨૦ વસ્તુની લંબાઇ સેમી અથવા મીટર એકમમાં માપીને લખવી.
* માટીનાં વાસણો કે બે રમકડાં બનાવવાં.
* તમારા ઘરનાં સભ્યો પાસેથી સાંભળીને કોઇ એક વાર્તા લખવી.
* ઘરનાં આંગણે એક વૃક્ષ વાવવું અને તેનો ઉછેર કરવો.

B.R.C. GONDAL

* તમારી આસપાસનાં વૃક્ષો, છોડ કે ફુલનાં દસ નામ લખવાં.
* શાકભાજી, અનાજ, કઠોળ અને ફળનાં નામની યાદી બનાવવી.
* પાલતુ પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓનાં દસ નામ લખવાં.
* તમને ગમતાં કોઇ પન બે પક્ષી વિશે નિબંધ લખવો.
* તમારા ગામનાં વ્યવસાયકારોનાં નામ અને કામગીરીની યાદી કરવી.
* બે બાળગીત લખી પાકા કરવાં.
* રંગોનાં, વાહનોનાં, તહેવાર, પક્ષીઓ અને જીવજંતુઓનાં નામની યાદી બનાવવી.
* પહેલી- બીજી એબીસીડી, અંગ્રેજીમાં કક્કો બે વખત લખી પાકા કરવાં.
* ૧ થી ૫૦૦ સુધી અંકો શબ્દ અને અંકમાં લખવાં.
* કોઇ પણ બે મનપસંદ ચિત્રો દોરી રંગ પૂરવાં.
* સરવાળા બાદબાકી, ગુણાકાર, ભાગાકાર (10) દાખલા ગણવા.
* મનપસંદ ૨૦ શબ્દો લખી તેના પરથી વાક્યો બનાવવાં.
* શરીરના અંગોના, ઋતુઓ, ઘરવપરાશની ચીજવસ્તુઓ, ખાવાની ચીજ વસ્તુઓના નામની યાદી બનાવવી.
* તમારા સગા સંબંધીઓના ૨૦ ગામનાં નામ લખવા.
* કૂતરો, ગાય, સિંહ, મોર, પોપટ વિશે સાત વાક્યો લખવાં.
* ગુજરાતીની મનપસંદ કવિતા લખીને પાકી કરવી.
* ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, વર્તુળ આકારોનો ઉપયોગ કરી રંગોળી બનાવી તેમાં રંગ પૂરવો.
* પાંચ જોડકણાં અને પાંચ ઉખાણાં લખવાં.
* ફાટેલ કપડામાંથી એક દડો સોયથી સીવીને જાતે બનાવવો.
* રેતીમાં ચિત્ર દોરવું.
* ખેતરની મુલાકાત કરવી અને ત્યાં ઉગાડવામાં આવતા પાકોની યાદી બનાવવી.



**HAPPY VACATION**

B.R.C. GONDAL